## આપનું સપ્તાહ કેવું જશે?

તા.૧૨/૦૨/૨૦૨૪ થી તા.૧૮/૦૨/૨૦૨૪ સુધી

લેખકઃ જયોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

**મેષ (અ.લ.ઇ.)** ચાલુ વીકમાં સંતાનો બાબતે અનુકૂળતા રહેશે. હિતશત્રુઓથી સાવધાન સંતાનોને લઇ ખર્ચા વધશે. નોકરી-ધંધામાં ધીરજ રાખવી. અચાનક શુભ સમાચાર મળે. મહત્ત્નાવ ફેરફારથી કાર્યબોજ ઓછો થાય. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. વાદવિવાદ ટાળવો. આર્થિક પ્રગતિથી નવાં રોકાણ થાય. કૌટુંબિક વ્યવસાય ધંધામાં ભાગ્યનો સાથ મળે. વિદ્યાર્થીઓને અશાંતિ દૂર થાય ધીરજ.

**વૃષભ (બ.વ.ઉ.)** ચાલુ સપ્તાહમાં હરીફાઈયુક્ત વાતાવરણને અનુકૂળ બનાવી શકશો.અણધારી જવાબદારી આવી શકે છે. સમાજજીવનમાં યશ મળે. વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવશે. પ્રેમમાં પ્રતિકૂળતા થાય. સ્વાર્થી મિત્રો અફવા ફેલાવી શકે છે. સંતાનોને લઇને શુભ સમાચાર મળે. વિદેશને લગતા કામમાં કાયદાકીય મદદ મળે. શેર, સટ્ટા, લોટરીમાં ધીરજપૂર્વક કામ કરવું.

**મિથુન (ક.છ.ઘ.)** સપ્તાહની શરૂઆત દોડધામ અને વાદવિવાદ યુક્ત રહેશે.આવક વધારવા માટે પ્રયત્નો કરવા પડશે. વિદેશથી શુભ સમાચાર મળે. જુના મિત્રોની મદદ મળે. નોકરી ધંધામાં નવી સરકારી નીતિ દોડધામ વધારશે. ઉપરી વર્ગ અને વડીલો સાથે વિવાદથી અશાંતિ પેદા થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. શેર બજારમાં લાભ થાય. અચાનક કોઇને મળવાનું થાય.

**કર્ક (ડ.હ.)** ચાલુ વીકમાં આરોગ્યનું ધ્યાન ખાસ રાખવું પડશે. સ્વાદિષ્ટ ભોજનો ઓવર ડોઝ પાચનશક્તિ કમજોર કરશે.આધ્યાત્મિક વાચનથી શાંતિ મળશે બીજાને મદદ કરવાની ખુશી મળે. ગુપ્ત શત્રુઓથી સાવધાન રહેવું.ઉચ્ચ શિક્ષણ તથા વિદેશને લગતાં કામ સરળ બનશે. જીવનસાથી સાથે ધાર્મિક પ્રવાસ થાય. નોકરીમાં પગારવધારા સાથે જવાબદારી વધશે. પ્રેમમાં અનુકૂળતા રહે. આર્થિક લાભ થાય.

**સિંહ (મ.ટ.)** સપ્તાહ દરમિયાન ભાગીદારો સાથે તાલમેળ ઓછો રહે. ઘરમાં નવા મહેમાનનું આગમન થાય.ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. પડવા-વાગવા અને ચોર-લૂંટારુથી સાવધાન રહેવું પડશે. સરકારી નોકરિયાતે લોભ લાલચથી દૂર રહેવું. વીલ-વારસો, વીમા વગેરેને લગતાં કામમાં મદદ મળશે. આયાત-નિકાસ વિદેશ પ્રવાસનાં કામમાં ગતિ આવે. જાહેર જીવનમાં માન વધશે.

**કન્યા (પ.ઠ.ણ.)** ચાલુ સપ્તાહમાં વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન મળે, શેર, સટ્ટા, લોટરી, વાયદાનાં કામ થાય. પ્રેમમાં ગેરસમજ વધે. ઈર્ષાળુ મિત્રોથી નુકસાન થાય. નોકરીમાં નવી ટેકનોલોજીનો લાભ મળે. ખાવા પીવામાં ધ્યાન રાખવું.ઉપરી વર્ગ સાથે ઘર્ષણ ટાળવું, ચોર-લુંટારુથી નુકસાન થઇ શકે છે. નવી નોકરી માટેના પ્રયત્નો સફળ રહેશે. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. રોજના કામમાં મદદ મળે.

**તુલા (ર.ત.)** ચાલુ વીકમાં બહારનાં કામ અને બહારના લોકો દોડધામ વધારશે. વડીલોના આરોગ્યની ચિંતા સતાવે. નવી મિલકત બાબતે યોગ્ય માર્ગદર્શન મળે. પ્રેમમાં અશાંતિ પેદા થાય. વિદ્યાર્થીઓને મૂંઝવણ વધશે. શેર બજારમાં ધીરજથી કામ કરવું. સંતાનો જીવન સાથીનાં કામની ચિંતા સતાવશે. માતાના આરોગ્યને લઇને ખર્ચા વધે. નોકર-ચાકરથી સાવધાન.

**વૃશ્ચિક (ન.ય.)** ચાલુ વીકમાં કાર્યક્ષેત્રમાં મહત્ત્વના ફેરફાર થશે. બહારના કામનો બોજ વધશે. વડીલો સાથે વ્યવહાર કરવામાં સાવધાની રાખવી. પ્રેમપ્રકરણોમાં કકળાટ થાય. ગેરસમજથી વિવાદ વધશે. શેર, સટ્ટા, લોટરી, વાયદાનાં કામમાં ધીરજ રાખવી. નવા કામનું આયોજન થાય. વિદ્યાર્થીઓને અશાંતિ વધશે. નોકરીમાં નવી જવાબદારી સાથે પ્રમોશન થઇ શકે છે. ખર્ચા વધશે.

**ધન (ભ.ધ.ફ.ઢ.)** ચાલુ વીકમાં નવા કામ માટે અનેક રસ્તા ખુલશે. પોતાની આવડત અને હોશિયારી પ્રમાણે તકનો લાભ લેવો. નવા ફેરફારમાં નવું શીખવા મળશે. ઘરનાં કામમાં ધ્યાન રાખવું. દોડધામ વધશે. વડીલોની મદદથી અનુકૂળતા વધે. વિદ્યાર્થીઓને શુભ સમાચાર મળે. સંતાનોનાં કામમાં મદદ મળે. પ્રેમમાં પ્રગતિ થાય. શેર બજારમાં ધીરજ રાખવી.

**મકર (ખ.જ.)** સપ્તાહ દરમિયાન વાણી પર કાબૂ રાખવો. ઘરમાં કકળાટભર્યું વાતાવરણ રહે. આર્થિક બાબતે ભીંસનો અનુભવ થાય. પ્રવાસ તથા શિક્ષણને લગતાં કામ થાય. દલાલીમાં આવક વધે. ભાઈ-બહેનો સાથે વિવાદ થાય. વાહન ઘર માટેના પ્રયત્નો સફળ રહે. વારસાનાં કામ પાર પડશે. વિદ્યાર્થીઓને શુભ સમાચાર મળે. નવાં રોકાણ થાય.

**કુંભ (ગ.સ.શ.ષ.)** ચાલુ વીકમાં હકારાત્મક વિચારો અને મહેનતનું ફળ મળે.અચાનક તક મળશે. કુટુંબની મદદ આત્મવિશ્વાસ વધારશે. વાદવિવાદથી દૂર રહેવું. પારિવારિક વ્યવસાયમાં દોડધામ રહે. ઘરનાં કામનો બોજ વધશે. કોઈની વાતમાં આવવું નહીં. નવા ધંધા માટે આયોજન પાર પડે. શિક્ષણ, દલાલી, પ્રવાસ જેવા કામમાં ભાગ્યનો સાથ મળે.

**મીન (દ.ચ.ઝ.થ.)** ચાલુ વીકમાં ઇચ્છાથી વિપરીત અને અશાંતિ વધારનાર ફેરફાર થાય. પડવા-વાગવાથી સંભાળવું. વાણી પર કાબૂ રાખવો. સમાજમાં તાલમેળ વધશે. સંતાનો બાબતે નવા નિર્ણય લેવાનું બને. નવા આર્થિક રોકાણથી લાભ થાય.ઉઘરાણી આવી શકે છે. પ્રવાસમાં મિલન-મુલાકાત થાય. ભાઈ-બહેનનો સાથ મળે.

## સમસ્યા અને સમાધાન

મારી વિગત જાહેર કરતા નહીં. મારા પરિવારમાં કોઇ જયોતિષમાં વિશ્વાસ કરતું નથી. મારી પત્ની પક્ષવાળા થોડો વિશ્વાસ કરે છે.અમે બંને અલગ અલગ જાતિનાં છીએ. પ્રેમમાં હતાં એટલે કુંડલી મેળવી ન હતી. બંને પક્ષની ઇચ્છાથી હિન્દુ રીતિ રિવાજ પ્રમાણે 2014માં લગ્ન કર્યા. અમારું શિક્ષણ ઉચ્ચ કક્ષાનું છે અને વિશ્વ વિખ્યાત કંપનીમાં સારા હોદ્દાની નોકરી કરીએ છીએ. બંનેનાં પરિવાર પણ બધી રીતે સુખી છે. અમે બંને અમારાં માતાપિતાનાં એકમાત્ર સંતાન છીએ. મારો પ્રથમ સવાલ શું અમારે કુંડલી મેળવીને લગ્ન કરવા હતા? જો એ સમય તમારી પાસે કુંડલી લઇને આવ્યા હોત તો તમે શું જવાબ આપત? મારો બીજો અને મુખ્ય પ્રશ્ન સંતાન પ્રાપ્તિની લઇને છે. લગ્નનાં પ્રથમ બે વર્ષ તો અમોએ સંતાન માટે કોઈ જ ઇચ્છા રાખી નહીં પણ જયારથી સંતાન માટેના પ્રયત્નો કર્યા ત્યારથી આજ દિન સુધી સફળતા મળી નથી. આધુનિક વિજ્ઞાન પ્રમાણે જે કંઇ કરવાનું હતું તે કર્યું. IVF પણ ત્રણ વાર કરાવ્યું પણ પરિણામ શૂન્ય આવે છે. મેડીકલની ભાષામાં અમો બંનેને કોઈ જ તકલીફ નથી. તમામ રીપોર્ટ સામાન્ય આવે છે. છતાં પણ સંતાન થતું નથી. કુટુંબીજનો પણ હવે ચિંતા કરે છે. મારી હાલની ઉંમર 36 પ્લસ છે અને મારી પત્નીની ઉંમર 34 પ્લસ છે તો શું અમારા ભાગ્યમાં સંતાનસુખ છે? શું અમારે છૂટાછેડા લેવા પડશે? કારણ કે આ પ્રશ્નો પર ખૂબ જ તકરાર થાય છે અને ઘણી વખત છૂટા પડવાનું પણ વિચારીએ છીએ. યોગ્ય માર્ગદર્શન પણ આપવા વિનંતિ. હાલ અમો પરદેશમાં સ્થાયી થયેલ છીએ. જયોતિષની દૃષ્ટિએ સંતાન માટેનો ઉપાય બતાવશોજી.

**જવાબ :** તમારી ધન લગ્નની કુંડલીમાં લગ્નેશ અને સંતાનનો કારક ગુરુ છઠે છે અને પાંચમાનો માલિક મંગળ ચોથે એટલે કે પોતાના સ્થાનથી બારમે છે અને પાંચમા સ્થાન પર સૂર્યની ઉચ્ચ દૃષ્ટિ છે. જયોતિષના નિયમ પ્રમાણે કોઇ પણ પાપ ગ્રહ પાંચમા ભાવ કે પંચમેશ પર દૃષ્ટિ કરે તો જે તે ભાવનું સુખ ઓછું કરે છે. તમારો પંચમેશ મંગળ વક્રી છે. સંતાન પ્રાપ્તિ અને સંતાનથી સુખ આ બંને બાબત અલગ છે. સંતાનનું સુખ આઠમા સ્થાન પરથી અને તેના માલિક પરથી જોવામાં આવે છે. તમારો આઠમાનો માલિક ચંદ્ર દેહભુવનનાં શનિ સાથે યુતિ કરે છે અને ગુરુથી આઠમે શકટ યોગ કરે છે. ભાગ્ય સાથે રાહુ કેતુનો સંબંધે અને ભાગ્યનો માલિક સૂર્ય લાભસ્થાનમાં આ તમામ યોગ સંતાન પ્રાપ્ત માટે અવરોધક બને છે. તમારી પત્નીની કુંડલીમાં પણ પાંચમાનો માલિક શનિ ચોથે એટલે કે પોતાના સ્થાનથી બારમે છે. આ યોગ તમો બંનેમાં છે. પાંચમે રાહુ અને સામે ગુરુ-કેતુની દૃષ્ટિ તેમાં પણ પાંચમે રહેલ રાહુ પર ગુરુની નીચ દૃષ્ટિ છે. પાંચમે બેકી રાશિનો રાહુ મકરમાં સંતાન માટે બાધક છે. પત્નીની કુંડલીમાં ભાગ્ય સ્થાનમાં મંગળ-ચંદ્રનો યોગ પણ શુભ સંતાન પ્રાપ્તિ માટે નથી. જો આ યોગના કારણે તમો વિદેશમાં સ્થાયી થયા છો. તમારા બંનેના શુક્ર સિંહ રાશિમાં છે. તમારા પ્રથમ સવાલનો જવાબ ના છે. જો મને બતાવ્યું હોત તો હું લગ્ન કરવાની ના પાડત. પાંચમું સ્થાન પૂર્વ જન્મના કર્મોનું છે જે તમારા બંનેની કુંડલીમાં અશુભ બને છે. ખાસ સંતાન માટે તમો પૂર્વના ઋણના કારણે મળ્યા છો અને સાથે રહીને ખામીઓ સાથે પીડિત અને અસંતોષ સાથે રહેવાનું છે. મેળાપકની દૃષ્ટિએ કુંડળી મળતી નથી માટે લગ્ન કરવાની ના પાડત છતાં પણ તમો લગ્ન કરવાના જ હતા કારણ કે ઋણાનુબંધન તમારા બંનેની કુંડલીમાં પિતૃદોષ છે. જો માનતા હો તો પિતૃદોષનું નિવારણ કરો અને તે પછી તમો સંતાન પ્રાપ્તિના પ્રયત્ન કરશો તો પરિણામ મળે એમ છે. તમારા બંનેની કુંડલીમાં પાંચમું અને નવમું સ્થાન રાહુકેતુના ભરડામાં છે. માટે ભૂતકાળ એટલે કે પૂર્વ જન્મનો ફળ ચાલુ વર્તમાન અને ભવિષ્યમાં ભોગવવાનાં જ છે. માટે છૂટાછેડા થવા મુશ્કેલ છે અને લેવા પણ ન જોઇએ. હાલમાં તમારી રાહુની મહાદશા 2029ની છે જે ખાસ સંતાન માટે પ્રતિકૂળ છે અને 2025 સુધી શુક્રની અંતર દશા છે. શુક્ર-રાહુ કેતુથી પીડિતો જે ધન કમાવવા માટે સારો છે. પણ સંતાન માટે તડપ આપનાર છે. તમારી પત્નીની ગુરુની મહાદશા 2029 સુધીની છે અને ઓગસ્ટ 2024 સુધી સૂર્યની છે. તેમનો ગુરુ ઉચ્ચનો છે માલિક મંગળ ભાગ્યમાં ઉચ્ચના ચંદ્ર સાથે છે. ગોચર અને દશા અંતરદશા પ્રમાણે 2024 પછીના મેડીકલ ઉપાય કારગત નિકળતે પહેલાં પિતૃદોષની પૂજા કરાવી લેવા. મોડા સંતાનના યોગ છે પણ દવાથી થાય.

# 1994માં કોંગ્રેસના સમર્થનવાળી સરકારે જ મોદીના સમાજને ઓબીસીમાં સ્થાન આપ્યું હતું

નરેન્દ્ર મોદીનો જન્મ OBCમાં થયો નથી, રાહુલ ગાંધીનું આ નિવેદન મૂર્ખતાની પરાકાષ્ઠા છે. કોંગ્રેસ કોઈપણ માટે કંઈ પણ બોલી શકે છે. જે કોંગ્રેસે "ભગવાન રામનો જન્મ થયો જ નથી અને તે એક કાલ્પનિક પાત્ર છે. " આવી એફિડેવિટ સુપ્રિમ કોર્ટમાં કરી શકતી હોય તો તે કોંગ્રેસ નરેન્દ્રભાઈ મોદી માટે કંઈ પણ કહી શકે છે. સોમનાથ મંદિર અને નેહરૂ પરિવારઃ રાહુલ ગાંધીનો ધર્મ ક્યો છે ? તે બાબતે હજૂ તેઓ મૂંઝવણમાં છે. હું એટલા માટે કહી રહ્યો છું કે, તા.29.11.2017ના રોજ તેઓ સોમનાથ મંદિરની મુલાકાતે ગયાં ત્યારે તેમણે પોતાનું નામ બિનહિન્દુ રજીસ્ટરમાં લખાવ્યું હતું. સોમનાથ મંદિરની પરંપરા છે કે, કોઈપણ બિનહિન્દુએ સોમનાથ મંદિરમાં પ્રવેશ કરવો હોય તો પ્રવેશ પહેલાં બિનહિન્દુ રજીસ્ટરમાં નામ નોંધાવીને પ્રક્રિયા પૂર્ણ કરવી પડે છે. તેમણે બિનહિન્દુ રજીસ્ટરમાં નામ લખાવીને મંદિરમાં પ્રવેશ કર્યો હતો. સરદાર પટેલની મહત્વની ભૂમિકા સાથે બનેલા સોમનાથ મંદિરની વર્ષ 1951માં રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદજી દ્વારા પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી હતી. ઈતિહાસ સાક્ષી છે કે નહેરુજીએ રાષ્ટ્રપતિને પત્ર લખીને સોમનાથ જવાની મનાઈ કરી હતી અને રસપ્રદ વાત એ છે કે 1951 પછી 66-67 વર્ષમાં નેહરુ પરિવારનો કોઈ સભ્ય સોમનાથ મંદિરમાં દર્શન કરવા આવ્યો ન હતો અને 2017માં રાહુલ ગાંધીએ બિનહિંદુ રજીસ્ટરમાં નામ લખીને મંદિરની મુલાકાત લીધી હતી. રાહુલ ગાંધીની જ્ઞાતિ કઈ છે ? શું તેમના પરિવારની અટક ગાંધી હતી ? તેમણે ગાંધી અટક કયાંથી ? કેવી રીતે અને કેમ લીધી ? પ્રિયંકા વાડ્રા ગાંધી કેમ લખાવે છે ? તેમણે જનતાને જણાવવું જોઈએ.

નરેન્દ્રભાઈ મોદીનો જન્મ અતિગરીબ પરિવારમાં થયો હતો. માતા આજૂબાજૂના ઘરોમાં ઘરકામ કરીને તેમજ પિતા વડનગર રેલ્વે સ્ટેશન ઉપર ચાની દૂકાનમાંથી પોતાનું ગુજરાન ચલાવતાં હતાં અને નરેન્દ્રભાઈ બાળપણમાં રેલ્વે સ્ટેશન પર ચા વેચીને પિતાને મદદ કરતાં હતાં. આ વાત આખી દુનિયા જાણે છે. રાહુલ ગાંધી સોના-ચાંદીના ચમચીવાળા સમૃદ્ધ પરિવારમાં જન્મ્યા હોવાને કારણે તેઓ ગરીબ OBC નેતાની ઈર્ષ્યા-નફરત કરે છે.

નરેન્દ્ર મોદી અને OBCનું સત્ય એ છે કે, નરેન્દ્રભાઈ મોદીનો જન્મ વર્ષ 1950માં થયો હતો ત્યારે દેશમાં અનામતની માત્ર SC/ST કેટેગરી અમલમાં હતી. જયારે અન્ય પછાત જાતિઓના મંડલ આયોગની સ્થાપના માટેની સૂચના તા.01.01.1978ના રોજ આપવામાં આવી. વર્ષ 1980માં બિન્દેશ્વર પ્રસાદ મંડલે આયોગને રીપોર્ટ આપ્યો. તેના 10 વર્ષ પછી 105 જાતિઓને OBC અનામત આપવાની ભલામણ કરવામાં આવી. વર્ષ 1990માં વી.પી.સિંહની સરકારે તેને અમલ કરવાનો પ્રયાસ કર્યો પરંતુ તેના ઉપર કોર્ટ દ્વારા સ્ટે આપવામાં આવ્યો. ત્યારબાદ તા.16મી નવેમ્બર 1992ના રોજ સુપ્રિમ કોર્ટ દ્વારા 1 લાખ રૂ.ની આવક મર્યાદામાં 27 ટકા સરકારી નોકરીઓમાં અનામત આપવાનું જજમેન્ટ આવ્યું. વર્ષ 1993માં ઓફિશીયલ રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગ અધિનિયમ સંસદમાં પસાર કર્યો અને NCBCની સ્થાપના થઈ હતી. ગુજરાતમાં વર્ષ 1972માં ન્યાયાધીશ એ.આર.બક્ષી દ્વારા સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ માટે કમિશનની રચના કરીને વર્ષ 1976માં "બક્ષીપંચ" નો અહેવાલ ગુજરાત સરકારને સુપ્રત કર્યો. વર્ષ 1978માં બાબુભાઈ પટેલની સરકારે 82 જ્ઞાતિઓને OBCના અનામત માટેનો સ્વીકાર કર્યો. જેમાં 1994માં 121 અને 2012માં 146 જ્ઞાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. 1994માં કોંગ્રેસના

### અતિથીની કલમે



ભરત પંડ્યા

> **ગુજરાતમાં વર્ષ 1972માં ન્યાયાધીશ એ.આર. બક્ષી દ્વારા સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ માટે કમિશનની રચના કરીને વર્ષ 1976માં "બક્ષીપંચ" નો અહેવાલ ગુજરાત સરકારને સુપ્રત કર્યો. વર્ષ 1978માં બાબુભાઈ પટેલની સરકારે 82 જ્ઞાતિઓને OBCના અનામત માટેનો સ્વીકાર કર્યો.**

સમર્થનવાળી છબીલદાસ મહેતાની જનતાદળની સરકારે કેન્દ્રના મંડલના આધારે મોઢ-ઘાંચી જાતિનો OBCમાં કરવામાં આવ્યો. ત્યારથી મોદી સમાજ OBCમાં છે. તે સત્ય હકિક્ત છે.

રાહુલ-કોંગ્રેસને ઈતિહાસના આ પ્રકારનું સત્ય દેખાતું નથી અને સતત જૂઠ્ઠાણાઓ ફેલાવવાનો નિષ્ફળ પ્રયાસ કરીને બુદ્ધિનું પ્રદર્શન કરે છે. રાહુલ-કોંગ્રેસને મોદી-OBC સામે નફરત કેમ ? રાહુલ ગાંધીએ પહેલાં સમગ્ર મોદી જ્ઞાતિ વિશે અપમાનજનક આક્ષેપો કર્યાં. જેના કેસમાં સુરતની કોર્ટે બે વર્ષની સજા કરી ફટકારતા તેમનું સંસદસભ્ય પદ સુપ્રિમ કોર્ટ દ્વારા રાહત મળવાથી બચી ગયું હતું. એટલે હવે, મોદી સમાજથી આગળ વધીને સમગ્ર OBC જ્ઞાતિને અપમાનિત કરવાનો પ્રયાસ કરી રહ્યાં છે. OBC અનામતમાં પહેલાં 1 લાખની આવક મર્યાદા હતી. જે વધારીને વર્ષ 2015માં મોદી સરકારે 8 લાખ રૂ.આવક મર્યાદા કરીને આર્થિક-સામાજીક પછાત જ્ઞાતિઓ પ્રત્યે સંવેદના અને સહાનુભૂતિ દાખવી હતી. ઈતિહાસ સાક્ષી છે કે, વર્ષ 2017માં મોદી સરકારે OBCને સંવૈધાનિક દરજ્જો આપવા માટેનું બિલ રાજયસભામાં મૂકવામાં આવ્યું ત્યારે કોંગ્રેસે તેનો વિરોધ કર્યો અને તેને અટકાવવાનું પાપ કર્યું હતું. ત્યાર બાદ વર્ષ 2018માં લોકસભામાં બહુમત દ્વારા પસાર કરવામાં આવ્યું. બસ ત્યારથી, કોંગ્રેસના પેટમાં તેલ રેડાયું છે એટલે તે વ્યક્તિગત નરેન્દ્રભાઈ મોદી ઉપર, તેમની જ્ઞાતિ ઉપર અને હવે, સમગ્ર OBC સમાજ અપમાનિત થાય તે પ્રકારના જૂઠ્ઠા આક્ષેપો અને ષડયંત્રો કરી રહી છે. OBC પરિવારમાંથી આવેલા નરેન્દ્રભાઈ મોદી અને દેશના સમગ્ર OBC સમુદાયને નફરતની નજરે જોવાની રાહુલની વિકૃત માનસિકતા આ આ નિવેદનમાં છતી થઈ છે.

ગરીબ અને OBC પરીવારમાં જન્મેલા નરેન્દ્રભાઈ મોદી "સૌનો સાથ-સૌનો વિકાસ-સૌનો વિશ્વાસ-સૌનો પ્રયાસ"ના મંત્ર સાથે જનહિત કાર્ય કરે છે. શું રાહુલનું આ નિવેદનથી રામમંદિરના સુત્રાધાર નરેન્દ્રભાઈ મોદીના ભારત અને વિશ્વના કરોડો લોકોના હૃદયને શું ઠેસ નહીં પહોંચે ? શું 'સબકા સાથ-સબકા વિશ્વાસ'ના મંત્રને અમલમાં મૂકનાર નરેન્દ્રભાઈ મોદીના ચાહકોને દુઃખ નહીં થાય ? શું આ ગુજરાત અને દેશના OBC સમુદાયનું અપમાન નથી? એક તરફ દેશના OBC સમુદાય માટે બંધારણીય ખરડો પસાર કરાવનાર નરેન્દ્રભાઈ મોદી છે અને બીજી બાજુ રાજ્યસભામાં OBC બિલને અટકાવનાર કોંગ્રેસ-રાહુલ ગાંધી છે. આગામી ચૂંટણીમાં રાહુલ ગાંધીના વિકૃત નિવેદનો સામે દેશની જનતા આક્રોશ વ્યક્ત કરીને કોંગ્રેસનો સંપૂર્ણ સફાયો કરશે અને નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપ આ વખતે લોકસભામાં '400થી વધુ' બેઠકો મેળવશે. કુલ 48 વર્ષથી કોંગ્રેસે શાસન કર્યું. નહેરૂ-ગાંધી પરિવારમાંથી 3-3 પ્રધાનમંત્રી રહીને જેમણે પોતાના ઘરમાં 3-3 ભારત રત્ન જાતે લઈ લીધા છે, તેમના ઘરમાં પણ આ રાહુલ 'રત્ન' સમાન છે. તેમના વિચાર, નિવેદનો અને બુદ્ધિમત્તા ભારતના બાળકો કરતા પણ ઓછી હોય તેવું લાગે છે.

**(લેખક ભાજપના પૂર્વ પ્રદેશ પ્રવકતા અને પૂર્વ ધારાસભ્ય છે)**

## અનુસંધાન... પાના પહેલાનું

### હલ્દવાની હિંસા :...

ઇન્ટરનેટ સેવાઓ પણ સ્થગિત રાખવામાં આવી છે.

ગુરુવારની હિંસામાં છ તોફાનીઓ માર્યા ગયા હતા, જ્યારે 60 લોકો ઘાયલ થયા હતા. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

### 8 ફેબ્રુઆરીના...

259 બેઠકોનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું.

એનએ-88નું પરિણામ છેતરપિંડીની ફરિયાદોને કારણે ઈસીપી દ્વારા અટકાવવામાં આવ્યું હતું અને પીડિતોની ફરિયાદોનું નિરાકરણ કર્યા પછી તેની જાહેરાત કરવામાં આવશે. તેમાં માત્ર પાંચ પરિણામો બાકી હોવાનું દર્શાવ્યું હતું.

### ડાયરેક્ટ ટેક્સ...

ટકા છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે 1 એપ્રિલ, 2023 થી 10 ફેબ્રુઆરી, 2024 સુધીમાં રૂ. 2.77 લાખ કરોડના રિફંડ જારી કરવામાં આવ્યા છે. આ સમયગાળા દરમિયાન, કોર્પોરેટ ઈન્કમ ટેક્સ (સીઆઇટી) અને પર્સનલ ઈન્કમ ટેક્સ (પીઆઇટી) ના ગ્રોસ રેવન્યુ કલેક્શનમાં પણ સતત વધારો જોવા મળ્યો હતો. સીઆઈટીનો વિકાસ દર 9.16 ટકા હતો, જ્યારે પીઆઈટીનો વિકાસ દર 25.67 ટકા હતો.

### જેફ બેઝોસે...

વેચાણની માહિતી આપી છે.

નિવેદન અનુસાર, સિએટલના એમેઝોનના આ શેરની કિંમત 2.04 બિલિયન ડોલરથી વધુ છે. બેઝોસે લગભગ ત્રણ દાયકા પહેલા એક કારના ગેરેજમાં એમેઝોનની શરૂઆત કરી હતી. આ શેર રૂ. 10 લાખથી રૂ. 32 લાખથી વધુના પાંચ બ્લોકમાં વેચાયા હતા. બેઝોસે રોકેટ કંપની બ્લુ ઓરિજિન અને ચેરિટેબલ કાર્ય માટે વધુ સમય ફાળવવા માટે 2021માં એમેઝોનના સીઈઓ તરીકે રાજીનામું આપ્યું હતું. એસઈસીમાં તેમનું સરનામું સિએટલ તરીકે સૂચિબદ્ધ છે. જોકે, એવું કહેવાય છે કે તેઓ હવે મિયામીમાં રહે છે.

### યુપીના 325થી...

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, જે પુણેથી આવ્યા બાદ અયોધ્યામાં તેમના કેબિનેટ મંત્રીઓ સાથે જોડાયા હતા અને તેમની સાથે રામ મંદિરની મુલાકાત લીધી હતી અને પૂજા કરી હતી. આ દરમિયાન મંદિર સંકુલમાં લોકોએ 'જય શ્રી રામ'ના નારા લગાવ્યા હતા. એક્સ પરની એક પોસ્ટમાં આદિત્યનાથે જણાવ્યું હતું કે, તેમણે સરકારમાં તેમના સાથીદારો સાથે પ્રભુ શ્રી રામ લલ્લાના ભવ્ય અને દિવ્ય મંદિરમાં પ્રાર્થના કરી હતી.

આદિત્યનાથે એક્સ પર શેર કરેલા 14 મિનિટના વીડિયોમાં વિધાનસભાના અધ્યક્ષ સતીશ મહાના સહિત કેટલાક ધારાસભ્યો 'રઘુપતિ રાઘવ રાજા રામ' ભજન ગાતા જોવા મળ્યા હતા. કેટલાક ધારાસભ્યોએ મંદિરની સીડીઓ પર બેસીને ગ્રુપ ફોટોગ્રાફ્સ માટે પોઝ આપ્યા હતા.ઉત્તર પ્રદેશ વિધાનસભાના એક સૂત્રએ જણાવ્યું હતું કે, ''અયોધ્યામાં 325 ધારાસભ્યો અને બન્ને એમએલસી અને એમએલસીએ ભગવાન રામની પૂજા કરી હતી. કેટલાક ધારાસભ્યોની પત્નીઓ પણ તેમની સાથે હતી. કુલ મળીને દળની સંખ્યા 400થી વધુ હતી.

### પાકિસ્તાન ચૂંટણી :...

(પીએમએલ-એન) 75 બેઠકો જીતીને સંસદમાં તકનીકી રીતે સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી છે. બિલાવલ ઝરદારી ભુટ્ટોની પાકિસ્તાન પીપલ્સ પાર્ટી (પીપીપી)ને 54 બેઠકો મળી હતી, જ્યારે વિભાજન વખતે ભારતમાંથી આવેલા ઉર્દૂ ભાષી લોકોનું જોડાણ મુત્તાહિદા કૌમી મૂવમેન્ટ પાકિસ્તાન (એમક્યુએમ-પી) ને 17 બેઠકો મળી હતી. બાકીની 12 બેઠકો અન્ય નાના પક્ષોએ જીતી હતી.

પાકિસ્તાનના ચૂંટણી પંચે 265 માંથી 264 બેઠકોના પરિણામો જાહેર કર્યા છે જેના માટે ચૂંટણી યોજાઈ હતી. ચૂંટણી પરિણામોની જાહેરાતમાં અસામાન્ય વિલંબને કારણે અનેક પક્ષો દ્વારા દેશભરમાં હંગામો અને વિરોધ થયો હતો. પંજાબ પ્રાંતના ખુશાબમાં એનએ-88 સીટનું પરિણામ છેતરપિંડીની ફરિયાદોને કારણે ઇસીપી દ્વારા અટકાવવામાં આવ્યું હતું અને પીડિતોની ફરિયાદોના નિવારણ પછી જાહેર કરવામાં આવશે. એક બેઠક પરની ચૂંટણી ઉમેદવારના અવસાન બાદ મોકૂફ રાખવામાં આવી હતી.

નેશનલ એસેમ્બલીમાં અપક્ષ ઉમેદવારોએ 101 બેઠકો મેળવી છે. આમાંથી મોટા ભાગનાને ઇમરાનની પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ)નું સમર્થન હતું. સરકાર બનાવવા માટે પાર્ટીને 133 સીટોની જરૂર પડશે. એકંદરે, 336 માંથી 169 બેઠકો સરળ બહુમતી હાંસલ કરવા માટે જરૂરી છે, જેમાં મહિલાઓ અને લઘુમતીઓ માટે અનામત બેઠકોનો સમાવેશ થાય છે.

**નવાઝ શરીફે ગઠબંધન કરવાની વાતચીત માટેની જવાબદારી નાના ભાઇ શેહબાઝ શરીફને સોંપી**

પીએમએલ-એનના વડા નવાઝ શરીફે પક્ષો સાથે વાતચીત કરવાની જવાબદારી તેમના નાના ભાઈ અને ભૂતપૂર્વ વડા પ્રધાન શેહબાઝ શરીફને સોંપી છે, જેમણે પીપીપીના વરિષ્ઠ નેતાઓ સાથે મુલાકાત કરી છે. એમક્યુએમ-પીનું એક પ્રતિનિધિમંડળ લાહોરમાં છે અને તેણે શેહબાઝ સાથે મુલાકાત કરી. તેનું નેતૃત્વ ડોક્ટર ખાલિદ મકબૂલ સિદ્દીકી કરી રહ્યા છે. આ બેઠકમાં શેહબાઝ શરીફ, મરિયમ નવાઝ અને પાર્ટીના અન્ય નેતાઓ પણ ભાગ લઈ રહ્યા છે..

# લોકસભાની ચૂંટણી બાદ ગાંધીનગરની રાજનીતિમાં ધરખમ ફેરફારો થશે

લોકસભાની ચૂંટણી પછી ગુજરાતના રાજકારણમાં મોટા અને ધરખમ ફેરફારો થશે એ પ્રકારની ચર્ચા ગાંધીનગરમાં શરૂ થઈ છે. વિજય રૂપાણી સરકારની હકાલપટ્ટી બાદ ભુપેન્દ્ર પટેલની સરકાર આવી છે. તેમના કાર્યકાળમાં જ ભાજપે ગુજરાત વિધાનસભાની 156 બેઠકો જીતીને ઈતિહાસ રચી દીધો છે. આમ છતા હાલની સરકારની કેબીનેટ પાસે ભાજપ હાઈકમાન્ડને જે અપેક્ષા હતી તે પૂરી થઈ રહી નથી. ઉપરાંત હાલની સરકારમાં મોટાભાગના મંત્રીઓને ખાસ કોઈ અનુભવ નથી. પોતાના ડીપાર્ટમેન્ટના અધિકારીઓ સાથે પણ તેમને સેટ થતું નથી. મુખ્યમંત્રી પણ ભાજપના નેતાઓના ખોટા કામની ભલામણ કરવાની ચોખ્ખી ના પાડી દે છે. બીજી બાજુ અન્ય મંત્રીઓની કામગીરી પણ નબળી દેખાઈ રહી છે. એક વાત એવી પણ ચર્ચાઈ રહી છે કે સચિવાલયમાં લોકો પોતાના સાચા કામો માટે પણ ધક્કા ખાઈ રહ્યા છે. કેટલાંક સીનિયર અધિકારીઓ ત્રણથી ચાર મહિના સુધી ફાઈલો દબાવી રાખે છે. આ અધિકારીઓ મીઠી મીઠી વાતો કરે છે પરંતું કામો થતા નથી.અધિકારીઓ અનિર્ણિત સ્થિતિમાં રહે છે. આ સ્થિતિમાં લોકસભા ચૂંટણી બાદ કેબીનેટમાં ફેરફાર આવે તેવી સંભાવના દેખાઈ રહી છે તેવી સચિવાલયમા ચર્ચા શરૂ થઈ છે. લોકસભાની ચૂંટણી બાદ સરકારના મંત્રીમંડળમાં તથા ભાજપ સંગઠનમાં જબરદસ્ત ઉથલપાથલ થઈ શકે છે.એક કારણ એ પણ છે કે કેટલાક સીનિયર કોંગ્રેસના ધારાસભ્યો ભાજપમાં જોડાનાર છે જેમાંના એકાદ બે તો સારા વહીવટકર્તા છે. લોકસભાની ચૂંટણીની સાથે વિધાનસભાની બેઠકોની પેટા ચૂંટણી પણ યોજાનાર છે. ભાજપની ટિકીટ પર ચૂંટાઈ આવનાર પૂર્વ કોંગ્રેસી ધારાસભ્યો પૈકી એકાદ - બેને સરકારમાં સમાવવામાં આવે તેવી સંભાવના છે. જેના પગલે દાદાની સરકારમાં બે થી ત્રણ મંત્રીઓને પડતા મૂકવામાં આવે તેવી સંભાવના જોવાઈ રહી છે.




### ભાજપ હાઈકમાન્ડે સૂચવેલા કાર્યક્રમોમાં જ કોઈ રસ લેતું નથી

છેલ્લા કેટલાક સમયથી ભાજપના ગુજરાતના સંગઠનમાં લોલંલોલ ચાલી રહ્યું છે. સંગઠન મંત્રી તરીકે ભાર્ગવ ભટ્ટની અને ત્યાર બાદ પ્રદિપસિંહ વાઘેલાની હકાલપટ્ટી થઈ હતી. તેમની જગ્યાએ અન્ય કોઈ નેતાની નિમણૂંક થઈ નથી. હાલના સંગઠનના પ્રમુખ સહિતના હોદ્દેદારોની મુદત્ત પૂરી થઈ ગઈ છે. દરમિયાનમાં દિલ્હીથી ભાજપની નેતાગીરી દ્વારા ગુજરાતના કેટલાક હોદ્દેદારોને વિવિધ કાર્યક્રમો કરવાની વારંવાર સૂચનાઓ અપાતી હોય છે. લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ગુજરાતના જુદા-જુદા જીલ્લાઓ-વિસ્તારોમાં આ પ્રકારની કેટલીક મીટીંગો અને કાર્યક્રમો કરવાની સૂચના અપાઈ હતી. જેમાં અમુક કાર્યક્રમમાં પ્રદેશ પ્રમુખને તો કેટલાક કાર્યક્રમોમાં મુખ્યમંત્રીને હાજર રહેવાની સૂચનાઓ છે જેને લઈને અહીંના હોદ્દેદારો પ્રમુખને તેમજ મુખ્યમંત્રીને ઈ-મેઈલ કરીને કાર્યક્રમ માટે કહેવામાં આવી રહ્યું છે પણ બન્ને દ્વારા કોઈજ જવાબ અપાતા નથી. જેને કારણે અનેક કાર્યક્રમો સ્થગિત કરવા પડ્યા છે.ભાજપના વિવિધ મોરચા-સેલના હોદ્દેદારો ચર્ચા કરી રહ્યા છે કે, દિલ્હીથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ કેટલી બધી મહેનત કરી રહ્યા છે. પરંતુ ગુજરાતના કહેવાતા મોટા ગજાના નેતાઓને પક્ષના કોઈ કાર્યક્રમમા રસ ન હોય તેવું લાગી રહ્યું છે. જો આપણનેજ આ લોકો જવાબ ન આપતા હોય તો પછી સામાન્ય લોકોની તો શું હાલત થતી હશે.

### IAS અધિકારીઓને હવે મે સુધી સચિવાલયમાં શાન્તિ, કોઈ હસ્તક્ષેપ નહી કરે..

અત્યારે વિધાનસભાનું બજેટ સત્ર ચાલી રહ્યું છે. જે 29મી ફેબ્રુઆરી સુધી ચાલશે. ત્યારબાદ માર્ચના પ્રથમ અઠવાડીયામાં જ લોકસભાની ચૂંટણી જાહેર થવાની શક્યાતાઓ છે. જેથી સચિવાલયમાં ફરજ બજાવતા તમામ IAS તેમજ તેમના તાબાના અધિકારીઓને અત્યારથી જ શાન્તિનો અનુભવ થઈ રહ્યો છે. કેમકે, હાલમાં જે વિભાગના પ્રશ્નો હોય તેમનેજ ગૃહમાં હાજર રહેવાનું હોય છે બાકીના અધિકારીઓ પોતાની ઓફિસમાં જ હોય છે. મંત્રીઓ દ્વારા મીટીંગો પણ થતી નથી. કોઈ નવા પ્રોજેક્ટની વાત નથી. ચૂંટણીની જાહેરાત સાથેજ આચારસંહિતા અમલી બની જવાની હોવાથી મંત્રીઓનો પણ સરકારી તંત્ર પર કોઈ જ હસ્તક્ષેપ રહેવાનો નથી. કામનું પણ કોઈ ભારણ કે દબાણ નહી રહે. જેથી ચૂંટણીના બે મહિના સુધી તેમને શાન્તિ લાગશે. ટોચના અધિકારીઓને ચૂંટણીના બેથી અઢી મહિના જેટલો સમય જ સરળતાથી પસાર થતો હોય છે. જેથી કેટલાય અધિકારીઓએ આ પ્રકારની શાન્તિનો અને રજાનો લાભ લેવા માટેનું પ્લાનિંગ પણ કરી નાખ્યું છે. અમુક અધિકારી પરિવાર સાથે વિદેશ ટૂરનું પ્લાનિંગ કરી રહ્યા છે. તો કેટલાક અધિકારીઓ ઉત્તર પ્રદેશ,બિહાર એવા પોતાના માદરે વતનમાં જવા માટે ઉત્સુક છે.આચારસંહિતા શરૂ થઈ ગયા બાદ માત્ર ચૂંટણી પંચના આદેશનો જ અધિકારીઓએ અમલ કરવાનો હોય છે. પોતાના વિભાગના મંત્રી તેમને કોઈ જ આદેશ આપી શકતા નથી.

### સુરતના પોલીસ કમિશ્નરની નિમણૂંક કરવાનો સરકાર પાસે સમય જ નથી, કે પછી બીજા કોઈ કારણો છે

સુરતના પોલીસ કમિશ્નર અજય કુમાર તોમર સેવા નિવૃત્ત થયા પછી આજે 11 દિવસ થવા આવ્યા પરંતુ ગાંધીનગરમાં ભાજપની સરકાર હજુ સુધી નવા પોલીસ કમિશનરની નિમણૂંક કરી શકી નથી.એક સીનિયર અધિકારીએ કહ્યું હતું હતું કે રાજકિય નિર્ણય લેવાનો હોવાથી આ બાબત પેન્ડિંગ છે.તેમાં બઢતી તથા બદલીઓ પણ આવી રહી છે. બીજી તરફ એક કારણ એવું રજુ કરાઈ રહયું છે કે વિધાનસભાનું બજેટ સત્ર ચાલતું હોવાથી CM ઓફિસ હાલમાં બીઝી હોવાથી આ મુદ્દો ચર્ચાઈને નિર્ણય લેવા પર આવી નથી રહયો. જયારે ખરેખર એવી પણ હકીકત જાણવા મળી છે કે કેટલાંક સીનિયર IPS અધિકારીઓએ સુરતના પોલીસ કમિશ્નરની મલાઈદાર પોસ્ટિંગ મેળવવા માટે લોબીંગ ચાલુ કર્યું છે. એટલું જ નહીં સરકાર પર દબાણ વધાર્યુ છે. છેવટે હવે કેન્દ્રિય ગૃહલમંત્રી અમીત શાહ તથા PM નરેન્દ્ર મોદી પણ ગુજરાતની મુલાકાતે આવી રહયા છે એટલે , તેમની સાથે ચર્ચા બાદ હવે સુરતના પોલીસ કમિશ્નર સહિતની IPS અધિકારીઓની બદલીઓ આવી રહી છે. આમેય ચૂંટણી પંચે પોલીસ તંત્રમાં એકજ સ્થાને ત્રણ વર્ષ કરતાં વધુ સમય માટે અથવા તો વતનના જિલ્લામાં ફરજ બજાવતા હોય તેવા અધિકારીઓની બદલી કરવા માટે આપેલી સૂચનાની સમય મર્યાદા વીતી ગઈ છે. અલબત્ત, IPSની બદલીનો મામલો ગુંચવાઈ ગયો છે.

### CMOનું એડવાઈઝરી ગ્રુપ સરકાર પર હાવી, અધિકારીઓ નારાજ

સરકારી વિભાગમાં જો કોઇ પ્રોજેક્ટને મંજૂર કરાવવો હોય તો સબંધિત IAS અધિકારી કે વિભાગના વડાને પહેલા પાવર સેન્ટર કમલમમાં જવું પડતું હતું પરંતુ હવે સચિવાલયમાં જ નવા સેન્ટરે આકાર લીધો છે. આ સેન્ટરની પરમિશન વિના કોઇ પ્રોજેક્ટ શક્ય નથી. મુખ્યમંત્રી કાર્યાલયમાં જેને એડવાઇઝરી જૂથ કહેવામાં આવે છે તેની મંજૂરી અપેક્ષિત છે. આ સેન્ટરની ભેદી પ્રવૃતિઓથી સરકારમાં કામ કરતા મોટાભાગના IAS અધિકારીઓ નારાજ છે, કારણ કે આ સેન્ટર અભેદ્ય કિલ્લા જેવું કામ કરે છે, જેને વિંધિને બહું ઓછા અધિકારીઓ આગળ જઇ શકે છે. મુખ્યમંત્રી કાર્યાલયમાં આ એક એવું જૂથ છે કે જે પોતાનો પ્રભાવ આખી સરકાર ઉપર પાડી રહ્યું છે. તેની મંજૂરી વિના કોઇપણ પ્રોજેક્ટ અસ્પષ્ટ બનીને રહી જાય છે. એક ઉચ્ચ અમલદારે કહ્યું હતું કે અમારા વિભાગમાં કોઇ નવી યોજના કે નવું ઇનોવેશન કરવું હોય તો અમારે તેની મંજૂરી માટે કટોરો લઇને ભીખ માગવા જવું પડે છે.

### કોના આશીર્વાદથી ભ્રષ્ટ અધિકારીઓ જલસા કરી રહયા છે?

રાજ્ય સરકારના બે મહત્વના વિભાગો મહેસૂલ અને શહેરી વિકાસ હંમેશા ભ્રષ્ટાચાર અને ગેરરીતિઓમાં અવ્વલ નંબરે આવે છે પરંતુ જો ડિટેઇલથી અભ્યાસ કરવામાં આવે તો ગૃહ વિભાગ એવો છે કે જ્યાંથી ભ્રષ્ટાચારની ગંગોત્રી વહે છે. એન્ટી કરપ્શન બ્યુરો, વિજિલન્સ કમિશન કે લોકાયુક્તમાં પણ નહીં નોંધાતા ગુનાઓ આ વિભાગમાં જોવા મળે છે. ક્યારેય એવું સાંભળ્યું નથી કે કોન્સ્ટેબલની બદલીમાં રૂપિયા લેતાં કોઇ અધિકારી પકડાયા હોય. જમીનો ખાલી કરાવવી, જમીનો પચાવી પાડવી, જાણવાજોગ અરજીમાં બન્ને પક્ષે સેટીંગ, દારૂ-જુગારના અડ્ડા ચલાવવાના કે પરપ્રાંતથી દારૂ ઘૂસાડવાના હપ્તા, પ્રાઇમ પોસ્ટીંગમાં નેતાઓને લાંચ, બિલ્ડરો અને ઉદ્યોગપતિઓ પાસેથી ઉઘરાવાતી ખંડણી જેવા કિસ્સા તપાસ એજન્સીઓમાં જોવા મળતા નથી, પરિણામે કોઇ અગમ્ય શક્તિ કે પરિબળના કારણે અમૂક ભ્રષ્ટ પોલીસ અધિકારીઓ જલસા કરી રહ્યાં છે. તેમના ઉપર કોઇ રાજકીય અંકુશ એટલા માટે નથી કે તેમણે રાજકીય પ્રતિનિધિઓને પણ કરપ્ટ સિસ્ટમનો હિસ્સો બનાવ્યા છે. એન્ટી કરપ્શન બ્યુરો છટકાં ગોઠવીને નાની માછલીઓને પકડે છે પરંતુ મોટા મગરમચ્છ બ્યુરોની ચૂંગાલમાં આવતા નથી.

### બોલીવૂડની હસ્તીઓ ગુજરાતમાં કેમ રોકાણ કરતી નથી?

ગુજરાત સરકાર બોલિવુડને આકર્ષવા લોભામણાં વચનો આપે છે પરંતુ સામે બોલિવુડની હસ્તીઓ પણ ગુજરાતને લોલીપોપ આપી રહી છે. ભૂતકાળમાં જે વાયબ્રન્ટ સમિટ યોજાઇ હતી તેના પર નજર કરીએ તો ફિલ્મસ્ટાર સંજય દત્ત અને તેમના NRI મિત્ર પરેશ ઘેલાણીએ હોલીવુડ જેવી ફિલ્મ સિટી બનાવવા 1000 કરોડના રોકાણની જાહેરાત કરી હતી. જેકી શ્રોફે નળસરોવરમાં 500 કરોડના ખર્ચે સ્ટુડિયો ઉભો કરવાનું વચન આપ્યું હતું. પ્રોડ્યુસર મિહીર ભૂતાએ દક્ષિણમાં 500 કરોડની ફિલ્મ સિટી, નિર્માતા ઇન્દરકુમારે વડોદરામાં ફિલ્મ સ્ટુડિયો અને ફિલ્મ એકેડેમી, અન્ય એક નિર્માતા લૂલાએ અલીયાબેટમાં 789 કરોડના ખર્ચે ફિલ્મસિટી, અજય દેવગણે 500 કરોડના રોકાણની ફિલ્મ સિટી જાહેર કરી હતી. આ જાહેરાતો અને MOUને આજે 10 વર્ષ થવા આવ્યા છે છતાં એક રૂપિયાનું પણ રોકાણ થયું નથી. મુંબઇની આ હસ્તીઓ ગુજરાતના લોકેશનો પર ફિલ્મોના શૂટીંગ કરવા માટે આવે છે પરંતુ રોકાણ કેમ કરતી નથી તેના કારણોની સરકારે ઉંડી તપાસ કરવી જોઇએ, કેમકે આટલા વર્ષોમાં ફિલ્મ સિટી તો દૂરની વાત છે, ફિલ્મ સ્ટુડિયો પણ ઉભો થઇ શક્યો નથી.